**ક્રિમીનલ સમરી નંબર– ૪૧૩/૨૦૨૪**

**–: <u>ફરીયાદી પી.જી.વી.સી.એલ.ની પુરસીસ આધારે આંક–૧ લગત હુકમ</u> :–**

આ કામે આરોપી વિરૂધ્ધ ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે. હાલના ગુન્હા કામે કેસના ચાલુ પ્રોસીડીંગ દરમિયાન ફરીયાદી નાયબ ઈજનેરશ્રી,પી.જી.વી.સી.એલ., કોડીનારનાઓએ પુરસીસ રજુ કરી હાલના આરોપીએ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ મુજબ બીલની રકમ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ ભરપાઈ કરી આપેલ છે અને તેથી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ મુજબ કેસ માંડવાળ થવા પાત્ર હોય, હાલનો કેસ માંડવાળ કરવા રજુઆત કરેલ છે.

આમ ફરીયાદી તરફેની રજુ થયેલ પુરસીસ ધ્યાને લેતા હાલના આરોપીએ પી.જી.વી.સી.એલ.ના બિલની રકમ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ ભરપાઈ કરી આપેલ હોય, હાલનો કેસ આગળ ચલાવવાનો રહેતો નથી અને ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ મુજબ હાલનો કેસ માંડવાળ થવાને પાત્ર છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આથી સમરી રીપોર્ટ મંજુર કરવામાં આવે છે. આરોપી સામેનો કેસ કમ્પાઉન્ડ થયેલ હોઈ તે આધારે ફેંસલ કરવામાં આવે છે અને આરોપીને ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ની કલમ ૧૩૫ના ગુનામાંથી છોડી મુકવામાં આવે છે.

આજ તા. ૧૪/૦૯/૨૦૨૪ની લોક અદાલતમાં હુકમ કરી, સહી કરી જાહેર કર્યો.

કોડીનાર
તા.૧૪/૦૯/૨૦૨૪

(એસ.આઈ.ભોરણીયા)
જજ,સ્પેશ્યલ કોર્ટ (ઈલેકટ્રીસીટી) અને
એડીશનલ સેસન્સ જજ,
કોડીનાર
(જીજે–૦૦૬૦૬)